# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૧૮ ● સળંગ અંક : ૬૯ ● તા. ૦૫ ઓક્ટોબર થી ૧૧ ઓક્ટોબર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## મુંબઈ મહાજન અને સમસ્ત મહાજનનું

# ઐતિહાસિક પગલું

કર્મનું અભિમાન રાખો,
પૈસાનું નહીં.
ફળોનો રાજા કેરી છે,
તો યે કિલો લેખે વેચાય છે
અને
શ્રી ફળ નંગ લેખે વેચાય છે
– અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# નિરાશામાંથી આશાનું પ્રાગટ્ય થાય છે

જીવન સંસારમાં આશા અને નિરાશા વચ્ચે સતત દ્વંદ્વ ચાલતું હોય છે. આ પ્રક્રિયામાં ઈશ્વરના સર્વશ્રેષ્ઠ સર્જન મનુષ્યનું ઘડતર થાય છે. નિરાશાના હતાશાભર્યા માહોલમાં આશાનું એક કિરણ ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જે છે. માનવીની હતાશાનું મૂળ કારણ આશા જ છે. કારણ કે, કોઈ વાત વિચાર કે કલ્પના સાકાર ન થાય એટલે ગુસ્સો કે નફરતની લાગણી થાય એ સહજ વાત છે. પણ હતાશાથી હતોત્સાહથી સમૂળગા હથિયાર હેઠા મૂકી કોઈની શરણાગતિ સ્વીકારી લઈએ તો એ સર્વો પાતી પતન ભણી ધકેલાઈ જાય છે. ઘટાટોપ ઘેરા અંધકારમાં આશાનુ એક ટમટમતું નાનકડું કિરણ પણ ઉમંગની એક ચિનગારી આપે છે અને આજ જીવન બળ સાબિત થઈ પ્રેરણાબળ થઈ શકે છે.

આપણે રાખેલી આશા પૂર્ણા ન થાય તો તે માટે ગુસ્સો કે નફરત થાય એ સહજ પ્રકૃતિમય પ્રક્રિયા સમજવી પણ એનો મતલબએ નથી થતો કે આપણી ઈચ્છાઓનો અંત આણી દેવો. ઈચ્છાઓનો અંત જ નથી તે અનંત છે. પરંતુ તેને આપણે એક સીમા સુધી બાંધી દઈએ છીએ. જે ખરેખર તો એ વિચાર કરનારને બંધનથી બાંધી દે છે.

માનવ જન્મ લે છે. ત્યારે જ એક આશાનું પોટલું લઈને જ જન્મ લે છે. તેના પરિવાર જનો મોટમોટી કલ્પનાઓ દ્વારા નવજાતને બાંધી દે છે. પણ જ્યારે કલ્પનાથી વિપરીત થવા પામે એટલે એકબીજા સાથે અટંસ થાય. ખરી રીતે આપણી આશા ઈચ્છાઓનો પરિપૂર્ણ કરવાની જવાબદારી આપણી જ હોય છે. જ્યાં સુધી માનવી દુનિયા સાથે સંલગ્ન છે ત્યાં સુધી કંઈને કંઈ આશાઓ સાથે જીવવાનો છે.

આપણો સ્વભાવ છે કે મિત્રો, જીવનસાથી, સંતાન સગા-સંબંધીઓ પાસે અગણિત આશાઓના પોટલા બાંધી રાખતા હોઈએ છીએ. અને અંદરો અંદર એવું માની લઈએ છીએ કે આ બધી આશાઓની પૂર્તિ કરવી તેમની ફરજ છે. તીરે ઊભી તમાશો જોવા જેવી આપણી જિંદગી થઈ જાય છે. આશાઓના અડાબીડ વાદળથી આપણે ઘરાયેલાં રહીએ છીએ પણ વરસાદ ન વરસતા નિરાશાથી ઘેરી વળીએ છીએ. પણ ખરે ખરતો નિરાશામાંથી સોનેરી આશાની કોર આપણને પ્રાપ્ત થાય છે. એની સમજણ અને સજાગતા હોવી જોઈએ.

પ્રભુએ આપણો જન્મ માનવ અવતારમાં કર્યો છે. ત્યારે આપણી જવાબદારી થાય છે કે સારા કર્મો કરી, આપણી પણ રખાયેલ જવાદારીને કર્તવ્યથી નિભાવીએ પ્રાર્થના કરવા કોઈ મંદિરે જતું નથી માત્ર માંગણી સંભળાવવા જાય છે. પરમાત્મા પાસે જેટલી માંગણીઓ કરી કઈ કઈ પૂરી થઈ તેની પર આપણી ચોંપ રહે છે. પણ એટલું નથી વિચારતા કે જિંદગીમાં બધુ કાંઈ આપણું ધાર્યુ નથી થવાનું. થોડી હકારાત્મકતાને આપણે હૃદયમનમાં સ્થાન આપીએ સંતોષશીલ રહીએ ઉમેદ આશા રાખતા રહીએ ઈશ્વર પાસેથી મેળવવાની કંઈક મેળવવાની તો સામે ઈશ્વર પણ આપણી પાસે શ્રધ્ધા અને મહેનતની આશા તો રાખવાનો જ માટે નિરાશામાં આશાનો દિપક પ્રગ્ટાવી આપણા જીવનને ઝળઝળાવીએ અને સાર્થક પથગામી થઈએ.

-જયાતિમૈયા



WORLD HEART DAY

KDO

## Shree KDO Jain Gnati Mahajan, Mumbai

Sanchalit **Sheth Shree Narshi Natha Medical Trust**

in Coordination with

**Shri Samast KDO Jain Mahajan** are organising

# HEALTHY HEART CHECK UP

WOCKHARDT HOSPITALS | NEW AGE LIFE WINS — Mumbai Central

**On 6th Oct**

at Wockhardt Hospital Mumbai Central

WOCKHARDT HOSPITALS | LIFE WINS — Vashi

**13th Oct**

at Wockhardt Hospital Vashi

at Concessional Rate 3000/- Package just Only in **Rs. 399/-**

| Sr. No. | Tests | Sr. No. | Tests | Offer Rate |
|---|---|---|---|---|
| 1 | Body Mass Index | | LDL | Rs. 399/- |
| 2 | Blood Pressure | | VLDL | |
| 3 | Blood Tests | | Triglycerides | |
| | Random Blood Sugar | | Ratio | |
| | Total Cholesterol | 4 | ECG | |
| | HDL | *5 | 2D Echo/Stress Test | |
| | Non HDL | *6 | Cardiologist Consultation | |

*If Recommended by Doctor, Free Coupon with prior appointment

Post Checkup **"Healthy Heart"** Session by

Cardiologist **Dr. Ravi Gupta** followed by Hi- Tea

**Registration Compulsory last Date : 4th Oct**

**Terms & Condition :** KDO Global Card Must, In case you do not have KDO Global Card, You Can Register right in the hospital on the day of Check-up

**More Details Contact : (4 p.m. to 6 p.m.)**

Shri Bharat Maisheri 9820058048 | Mrs. Jayshree Dand 9892215560

Mrs. Manisha Lalka 9820545734 | Shri Hitesh Nagda 9892185205

# શેઠ નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ અને સમસ્ત કેડીઓ જૈન મહાજનના સંયુક્ત ઉપક્રમે હેલ્ધી હાર્ટ ચેકઅપ કેમ્પનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સંચાલિત શેઠ શ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ અને શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સંયુક્ત ઉપક્રમે વર્લ્ડ હાર્ટ ડે નિમિત્તે તા.૬ ઓક્ટોબર રવિવાર રોજે વૉકહાર્ટ હૉસ્પિટલ મુંબઈ સેન્ટ્રલમાં અને ૧૩ ઓક્ટોબર રવિવારના રોજે વાશીની વૉકહાર્ટ હૉસ્પિટલમાં હેલ્ધી હાર્ટ અંતર્ગત પોસ્ટ ચેકઅપ જાણીતા કાર્ડિયોલોજીસ્ટ ડૉ. રવિગુપ્તા દ્વારા કરાશે. આ ચેકઅપ રૂા. 3000નો પેકેજ માત્ર રૂા. ૩૯૯ના રાહત દરથી થશે. સાથે હાઈટીનો લાભ મળશે.

રજીસ્ટ્રેશન અગાઉથી કરાવું ફરજિયાત છે. જેની છેલ્લી તારીખ ૪ ઓક્ટોબર છે. વધુ વિગત માટે ભરત મૈશરી ૯૮૨૦૦૫૮૦૪૮, મનિષા લાલકા ૯૮૨૦૫૪૫૭૩૪, જયશ્રી દંડ ૯૮૯૨૨૧૫૫૬૦ તથા હિતેશ નાગડા ૯૮૯૨૧૮૫૨૦૦ નો સંપર્ક સાંજે ૪ થી ૬ દરમ્યાન કરવો.

કેડીઓ ગ્લોબલ કાર્ડ હોવું જરૂરી કાર્ડ ન ધરાવનાર હૉસ્પિટમાં ચેકઅપ દિવસે કાર્ડ રજીસ્ટરર્ડ કરાવી શકશે.

# ખામગામ સંઘમાં શ્રી નેમિનાથ ભગવાન કેવલજ્ઞાન કલ્યાણકનું ભક્તિપૂર્વક આયોજન કરાયું











તા. ૨૮ સપ્ટેમ્બર શનિવાર રોજે ખામગામ જૈન સંઘમાં સાધ્વીજી ભગવંત શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં શ્રી નેમિનાથ ભગવાનનું કેવલ જ્ઞાન કલ્યાણકનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઘરે ઘરે અષ્ટપ્રકારી પૂજાની છાબ સજાવીને બહેનોએ ભાગ લીધું અને ભાવયાત્રાનું આયોજન શ્રી સંઘ દ્વારા ભવ્યતાથી કરવામાં આવ્યું.

# આસો માસના શુભ મુહૂર્તો

**સંવત ૨૦૭૫, આશ્વિન માસનાં ચોપડા-પૂજન અને લક્ષ્મીપૂજનનાં મુહૂર્તો (સમય મુંબઈ સ્ટા. ટા.માં)**

## ચોપડા બાંધવા આપવાનું મુહૂર્ત વિજયાદશમી (દશેરા)

આશ્વિન સુદ-૧૦, સંવત ૨૦૭૫, મંગળવાર, તા. ૦૮-૧૦-૨૦૧૯ (વિજય મુહુર્ત બપોરે ક. ૧૪-૨૩ થી ક. ૧૫-૧૦)
યંત્ર, કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ટેબલેટ, સ્ટેશનરી, પ્રિન્ટર, ફેક્સ, આદિ સાધન પૂજા તથા સમીવૃક્ષનું પૂજન,
(આયુધ પૂજા આ. સુ. ૯ સોમવાર, તા. ૭-૧૦-૨૦૧૯)

## ચોપડા બાંધવા આપવા માટે તથા દશેરાના પૂજનનાં મુહુર્તો

● સવારે ક. ૦૯-૨૯ થી ક. ૧૦-૫૭ (ચલ) ● સવારે ક. ૧૦-૫૭ થી બપોરે ક. ૧૨-૨૬ (લાભ) ● બપોરે ક. ૧૨-૨૬ થી ક. ૧૩-૫૫ (અમૃત) ● બપોરે ક. ૧૫-૨૩ થી સાંજે ક. ૧૬-૫૨ (શુભ) ● રાત્રે ક. ૧૯-૫૨ થી ક. ૨૧-૨૩ (લાભ)

## પુષ્ય નક્ષત્રમાં ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત

**પુષ્ય નક્ષત્ર પ્રારંભ : આશ્વિન વદ-૭, સોમવાર, તા. ૨૧-૧૦-૨૦૧૯ ક. ૧૭-૩૧ થી સમાપ્ત : આશ્વિન વદ- ૯, મંગળવાર, તા. ૨૨-૧૦-૨૦૧૯, સાંજે ક. ૧૬-૩૮**

**પુષ્ય નક્ષત્ર મુહૂર્ત : તા. ૨૧મી, સોમવારના સાંજે ક. ૧૭-૩૧થી**

● સાંજે ક. ૧૭-૩૧ થી ક. ૧૮-૧૧ (અમૃત) ● સાંજે ક. ૧૮-૧૧ થી ક. ૧૯-૪૪ (ચલ) ● રાત્રે ક. ૨૨-૫૦ થી ક..૨૪-૨૩ (લાભ)

**પુષ્ય નક્ષત્ર મુહૂર્ત :તા. ૨૨મી, મંગળવારના સૂર્યોદયથી સાંજે ક. ૧૬-૩૮ સુધી**

● સવારે ક. ૦૯-૨૯ થી ક. ૧૦-૫૬ (ચલ) ● સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૩ (લાભ)
● બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૫૦ (અમૃત) ● બપોરે ક. ૧૩-૧૬ થી સાંજે ક. ૧૬-૩૮ (શુભ)

**અન્ય શુભ મુહૂર્ત દિવસોઃ ઓક્ટો.ની તા. ૯, ૧૪, ૧૫**

## વાક્‌બારશ (વાઘ બારસ), ધનતેરસ

## ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન (મહાલક્ષ્મીપૂજન)

**આશ્વિન વદ- ૧૨ઃ શુક્રવાર, તા. ૨૫-૧૦-૨૦૧૯**

ગૌવત્સ દ્વાદશી, ગુરુદ્વાદશી, યમદીપ દાન, ધન્વંતરી જયંતી, પ્રદોષ,ગૌ પૂજન, સારસ્વત, વિદ્વાનો, પંડિતો, કવિઓ, સાહિત્યકારો, કલાકારો, સંગીતશાસ્ત્રીઓના બહુમાનનો આજ રોજનો મહિમા છે. પ્રદોષકાળ વ્યાપીની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધનવંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર - લક્ષ્મીયંત્ર, રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે.

**મુહૂર્ત સમય આ પ્રમાણે છે :** ● સવારે ક. ૦૬-૩૭ થી ક. ૦૮-૦૩ (ચલ) ● સવારે ક. ૦૮-૦૩ થી ક. ૦૯-૩૦ (લાભ) ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (અમૃત) ● બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૯ (શુભ) ● સાંજે ક. ૧૬-૪૨થી ક. ૧૮-૦૮ (ચલ) ● રાત્રે ક. ૨૧-૧૫થી ક. ૨૨-૫૦ (લાભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૨થી ક. ૨૫-૫૬ (તા.૨૬)(શુભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૭-૩૦ (તા.૨૬) (અમૃત)● મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૦ થી ક. ૨૯-૦૩ (તા. ૨૬) (ચલ)

**(નોંધ : તા.૨૧, ૨૨મી પુષ્ય નક્ષત્ર ને પ્રાધાન્ય આપેલ છે. આથી શુભાશુભ દિનશુદ્ધિનો ઉલ્લેખ દર્શાવ્યો નથી.)**

## ધનતેરસ પર્વના સ્થિર લગ્નો

● સવારે ક. ૦૮-૨૦ થી ક. ૧૦-૩૪ (વૃશ્ચિક) ● બપોરે ક. ૧૪-૩૦ થી ક. ૧૬-૦૭ (કુંભ) ● રાત્રે ક. ૧૯-૨૫ થી ક. ૨૧-૨૪ (વૃષભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૪ થી ક. ૨૮-૦૨ (તા. ૨૬) (સિંહ) ● પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૮) સમયે પવિત્ર ગોરજ સમયમાં

## કાળી ચૌદશ - (મહાકાલી-મહારાત્રિ)

**આશ્વિન વદ-૧૩, શનિવાર, ૨૬-૧૦-૨૦૧૯**

શિવરાત્રિ, ઉલ્કાદર્શન, ભદ્રા ક. ૧૫-૪૬થી ૨૬-૦૩, દીપદાન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, કાળી ચૌદશની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. (શનિવારની મધ્યરાત્રિ પછી (તા. ૨૭મી) સિંહ સ્થિર લગ્ન ક. ૨૫-૪૬ થી ક. ૨૭-૫૪, અનુષ્ઠાન, પૂજન માટે શ્રેષ્ઠ. મહાકાલી માતાની પૂજા, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન, ચંદ્ર ઉદય ક. ૦૪-૨૯

# આસો માસના શુભ મુહૂર્તો

## દિવાળી મહાપર્વ-૨૦૭૫

### શ્રી શારદા પૂજન (ચોપડા), (મહાસરસ્વતી) પૂજન

### આશ્વિન વદ-૧૪, રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૯

(ચિત્રા નક્ષત્ર મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬ સુધી (તા.૨૮) પછી સ્વાતિ) ચંદ્ર કન્યામાં સાંજે ક.૧૬.૩૧ સુધી, પછી તુલામાં) નરક ચતુર્દશી, ચંદ્રોદય ક. ૦૫.૩૦. દર્શ અમાસ, અભ્યંગ સ્નાન, લક્ષ્મી-કુબેર પૂજન, અન્વાધાન, કેદારગૌરી વ્રત (દક્ષિણ ભારત), મહાવીર નિર્વાણ દિન (જૈન). શહાદતે ઈમામ હસન (મુસ્લિમ), દીપોત્સવી પર્વ મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજા દ્વારા આવનારા વર્ષના વધામણાં લેવાનો પવિત્ર અવસર છે. માટે એપ્રિલથી માર્ચનું હિસાબી વર્ષ છતાંય કંપનીના, વ્યક્તિગત હિસાબના ચોપડા તથા ઉપયોગી વાંચનના પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટરનું પૂજન તથા સ્ટેશનરીનું પૂજન, ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં શાસ્ત્રોક્ત વિધિથી બ્રાહ્મણ દ્વારા અવશ્ય કરવું. પ્રદોષકાળ વ્યાપિની અમાસ હોવાથી મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજાનો મહિમા છે.

### ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છે

● સવારે ક. ૦૮-૦૪થી ક. ૦૯-૩૦ (ચલ) ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (લાભ) ● સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (અમૃત) ● બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૫ (શુભ) ● સાંજે ક. ૧૮-૦૭ થી ક. ૧૯-૪૧ (શુભ) ● રાત્રે ક. ૧૯-૪૧ થી ક. ૨૧-૧૫ (અમૃત) ● રાત્રે ક. ૨૧-૧૫થી રાત્રે ક. ૨૨-૪૮ (ચલ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૭-૩૦ તા. ૨૮મી (લાભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી ક.૩૦-૩૮તા.૨૮મી (શુભ) ● પ્રદોષકાળ સાંજે ક. ૧૮-૦૮ થી રાત્રે ક. ૧૯-૪૮ ● નિશિથકાળ મધ્યરાત્રે ક. ૨૩-૫૮ થી મધ્યરાત્રેક.૨૪-૪૮.

### દિવાળી પર્વના સ્થિર લગ્નો

● સવારે ક. ૦૮-૧૨ થી ક. ૧૦-૨૬ (વૃશ્ચિક) ● બપોરે ક. ૧૪-૨૨ થી સાંજે ક. ૧૫-૫૯ (કુંભ) ● રાત્રે ક. ૧૯-૧૭ થી ક. ૨૧-૧૭ (વૃષભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૬ થી ક.૨૭-૫૪ (તા. ૨૮મી) (સિંહ) ● વૃષભ સ્થિર લગ્ન, સ્થિર કુંભ નવમાંશ રાત્રે ક. ૧૯-૨૯ થી ક. ૧૯-૪૨ ● વૃષભ સ્થિર લગ્ન વૃષભ સ્થિર નવમાંશ રાત્રે ક. ૨૦-૦૮થી ક. ૨૦-૨૧ ● વૃષભ સ્થિર લગ્ન સિંહ સ્થિર નવમાંશ ક. ૨૦-૪૮ થી ક. ૨૧-૦૨ ● સિંહ લગ્ન, વૃષભ સ્થિર નવમાંશ રવિવારની, મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૬-૧૦. (તા. ૨૮મી) ● સિંહ લગ્ન, સિંહ સ્થિર નવમાંશ રવિવારની, મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૯ થી ક. ૨૬-૫૩. (તા. ૨૮મી)

## નૂતન વર્ષાભિનંદન :

### સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૯, બેસતું વર્ષ

**સંવત ૨૦૭૬, ''વિરોધકૃત' નામ સંવત્સર પ્રારંભ, મહાવીર જૈન સંવત્સર ૨૫૪૬ શરૂ, દિવાળી પડવો**

આશ્વિન વદ-૩૦, સોમવારના રોજ નવું વરસ પ્રારંભાય છે. સોમવતી અમાસ સવારે ક. ૦૯-૦૮ સુધી. પ્રતિપદાનો ક્ષય છે. ગોવર્ધનપૂજા, ગૌક્રીડા, અભ્યંગ સ્નાન,, અન્નકૂટ, બલિપ્રતિપદા, કાર્તિક શુક્લાદિ, ઇષ્ટિ. સ્વાતિ નક્ષત્ર મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૨ સુધી (તા. ૨૯), પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિમાં.

### મિતિ નાખવી - કાંટો બાંધવો - નવા વર્ષનો વેપાર પ્રારંભ કરવો

**મુહૂર્તઃ** ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (શુભ) ● બપોરે ક. ૧૩-૪૮થી ક. ૧૫-૧૪ (ચલ) ● બપોરે ક. ૧૫-૧૪ થી ક. ૧૬-૪૦ (લાભ) ● સાંજે ક. ૧૬-૪૦ થી ક. ૧૮-૦૬ (અમૃત)

### લાભ પાંચમ-જૈન જ્ઞાન પાંચમ

### કાર્તિક સુદ-૫, સંવત ૨૦૭૬, શુક્રવાર, તા. ૦૧-૧૧-૨૦૧૯

સૌભાગ્ય પાંચમ. પાંડવ પાંચમ, પંજાબ, હરિયાણા દિન. કુલાચાર પ્રમાણે આજ રોજ પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે.

● સવારે ક. ૦૬-૩૯ થી ક. ૦૮-૦૫ (ચલ) ● સવારે ક. ૦૮-૦૫ થી ક. ૦૯-૩૧ (લાભ) ● સવારે ક. ૦૯-૩૧થી સવારે ક. ૧૦-૫૬ (અમૃત) ● બપોરે ક. ૧૨-૨૨ થી સાંજે ક. ૧૩-૪૭ (શુભ) ● સાંજે ક. ૧૬-૩૮થી સાંજે ક. ૧૮-૦૭ (ચલ)

# ક.દ.ઓ. સર્વોદય મંડળ દ્વારા કચ્છમાં સ્વાસ્થ્ય કેમ્પનું આયોજન



શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ કચ્છ સ્થિત શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા સંચાલિત રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્ર માં સ્વાસ્થ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રમાં નોંધણીની પ્રક્રીયા પતાવી સભ્યોએ માંડવી સ્થિત ક. દ. ઓ. જ્ઞાતિનું ૧૩૫ વર્ષ જુના અજિતનાથ પ્રભુના દેરાસર તથા ૭૨ જિનાલય ,રાવલપીર નુ સ્થાન, કૃષ્ણજી વર્મા મેમોરિયલ તેમ જ શેરેના બીચ રીસોર્ટની મુલાકાત લીધી હતી.

૧૫ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી મંડળના સભ્યો એ બિદડા આરોગ્ય કેન્દ્રમાં રહી ત્યાંની આરોગ્ય સેવાઓ અને સાત્વિક ભોજનનો આનંદ માણ્યો હતો. આઠ દિવસીય કેમ્પમાં ૨૫ સભ્યો જોડાયા હતા.જેઓને કુદરતના સાનિધ્યમાં તંદુરસ્તીની જાળવણી અને જતન કરવા માટેના કુદરતી ઉપચારોનો લાભ મળ્યો હતો. જેમાં યોગ,એક્યુપ્રેશર, મસાજ,મડબાથ, મડપેક, ગરમ ઠંડા પાણીનાં સેક જેવી અનેક સુવિધાઓ, સભ્યોને કેન્દ્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

રવિવાર, તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯, બપોરના બિદડા કેમ્પની પૂર્ણાહુતિ નો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમ માટે સર્વોદય મંડળના પદાધિકારીઓ ખાસ મુંબઈ થી પધારીને હાજર રહ્યા હતા. મંડળ તરફથી બિદડા સર્વોદય ટ્રસ્ટને મોમેન્ટો તથા પ્રશસ્તિ પત્ર અર્પણ કરવામાં આવેલ તથા કેમ્પમાં ભાગ લેનાર દરેક સભ્યોને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સર્વોદય મંડળ દ્વારા ગાંધીધામ સ્થિત ડો હર્ષ મેપાણી ની આંખની હોસ્પિટલ વાઇબ્રન્ટ આઈ કેર માં નેત્ર ચિકિત્સાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સભ્યોની આંખની તપાસ તથા જરૂરી સારવાર આપવામા આવી. આંખ તપાસતી વખતે જરૂર જણાતા ડો. હર્ષ મેપાણી દ્વારા સભ્યોના આંખની તાત્કાલિક ઉપચાર પણ કરવામાં આવેલ. શ્રી ક.દ. ઓ જૈન સર્વોદય મંડળે સતત ત્રીજી વાર આવો સ્વાસ્થ્ય કેમ્પ યોજી સભ્યોને નવું અને સ્વાસ્થ્યવર્ધક નજરાણું આપ્યું હતું

## પ્રેરણા રાસ દ્વારા દિવ્યાંગોને પ્રોત્સાહન



આનંદ માણવા શારીરિક ક્ષમતા જ જરૂરી નથી મનોબળ પણ મજબૂત હોવું જરૂરી છે. હીરલ કિરણ ભેદા ને ગઈ કાલે પ્રેરણા રાસમાં બેસ્ટ ડ્રેસનું ઈનામ મળ્યું છે.



# ક.દ.ઓ.પ્રકાશ સમીક્ષા દ્વારા બે મહાનુભાવોનું સન્માન





રવિવાર તા.૨૯ સપ્ટેમ્બરના રોજ માટુંગામાં ગુજરાતી સમાજ ખાતે ક.દ.ઓ.પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ દ્વારા બે કમિટી મેમ્બરોનું સન્માન કરાયું હતું. રાયચંદ નાગડા જેઓ પ્રકાશ સમીક્ષા સાપ્તાહિકનું તંત્રીપદ સંભાળતા હતા અને તીલકચંદ લોડાયા નિવૃત ઈન્કમટેક્સ કમિશ્નર છે પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ એ તેમને દૈનિક વોટ્સએપ પ્રકાશના વ્યવસ્થાપનની જવાબદારી સોંપી હતી જે તેમણે સતત ૪૦૧ દિવસ સુધી સુંદર રીતે નીભાવી હતી. પ્રેસિડન્ટ હિરાચંદ દંડ એ સર્વ મહાનુભાવોનું સ્વાગત કરતા હાલની પ્રકાશની વ્યવસ્થા બાબતમાં ઝાંખી આપી હતી. ત્યારબાદ આર.આર.નાગડા અને તીલકચંદ લોડાયાને સન્માનપૂર્વક મંચ ઉપર આમંત્રિત કરાયા હતા. એડ.શૈલેષભાઈ શાહએ આર.આર.નાગડાનો રમૂજી શૈલીમાં પરિચય આપ્યો હતો. આર.આર.નાગડાએ પોતાના વક્તવ્યમાં પ્રકાશ સમીક્ષા કેવી રીતે શરૂ કરવામાં આવ્યું અને તેના પ્રકાશનમાં કેવા ચઢાવ ઉતાર આવ્યા અને તેમણે કેવી હિંમતથી અને ડર્યા વગર તંત્રી લેખો લખાયા છે તે અંગે માહિતી આપી હતી. આર.આર.નાગડાને તેમની આ અમૂલ્ય સેવા બદલ કેસરસિંહભાઈ ખોના અને કિરીટભાઈ લાપસીયાએ શાલ ઓઢાડી તેમજ ટ્રોફી અર્પણ કરીને સન્માન કર્યું હતું.

ત્યારબાદ તીલકચંદ લોડાયાનો પરિચય ઉદયન શાહએ આપ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે ગવર્નમેન્ટ ઓફિસર તરીકે કામની વ્યસ્તતા વચ્ચે તેમણે કે.ડી.ઓ. સમાજ માટે ખૂબ કાર્યો કર્યા છે. તીલકચંદ લોડાયાએ પોતાના વક્તવ્યમાં વોટ્સએપ પ્રકાશની શરૂઆત શી રીતે થઈ અને તેને તેમણે એકલા હાથે કેવી રીતે સંભાળી તે વિષે માહિતી આપી હતી. આ સેવા બદલ જયંતભાઈ છેડા અને કાશ્મિરાબેન લુઠિયાએ તિલકચંદભાઈનું શાલ ઓઢાડી અને ટ્રોફી અર્પણ કરીને તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગને અનુરૂપ હંસભાઈ બી.ખીમજી, નયનભાઈ ભેદા અને રમેશભાઈ લોડાયાએ તેમના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. અંતમાં મુકેશભાઈ લોડાયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ચંદ્રિકાબેન લોડાયાએ કર્યું હતું.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી અનંતનાથ જિનાલય, મસ્જિદ ૧૬ સતી સંવેદના-શંખેશ્વર યાત્રા



શ્રી અનંતનાથ જિનાલયે તા.૧૮.૯.૧૯ને રવિવારે યોજાયેલ ૧૬ સતી સંવેદનાનો આબેહૂબ વર્ણન નિહાળી પ્રભાવિત થઈ શ્રી હિરેન નવીન લાપસીયાએ ૧૬ સતીઓના પાત્ર ભજવનાર બહેનોને શંખેશ્વરની યાત્રા તથા શ્રી કલ્પેશ નવીન મોમાયાએ સજોડે યાત્રા થઈ શકે માટે તેમના પતિદેવોને શંખેશ્વર યાત્રાની જાહેરાત કરેલ.

તા.૨૦.૯.૧૯ના પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. પાસેથી માંગલિક અને આશીર્વાદ મેળવી ભાવનગર એક્સપ્રેસ ટ્રેન દ્વારા ૧૬ સજોડા તથા અમંત્રીતો,મિત્રો મળી ટોટલ ૫૧ યાત્રિકો શંખેશ્વર યાત્રા માટે પ્રયાણ કરેલ.

તા.૨૧.૦૯.૧૯ ના સેવા,પૂજા-અર્ચના,ચૈત્યવંદન વિધિ કરી.વાહન દ્વારા મુજપુર,માંડલ-તીર્થમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા. ને સાંવત્સરીક વંદન કરી, હારીજ



તથા સમી તીર્થોને જૂહારી પંચતિર્થિ કરવાનો પણ લહાવો લીધેલ. સર્વે યાત્રિકો તા.૨૨.૯.૧૯ના સુખરૂપ નિર્વિઘ્ને યાત્રા કરી મુંબઇ આવી ગયા. બંને પરિવારોની સુકૃત કાર્યની ભૂરિ ભૂરિ અનુમોદના...









# વસઈ સંઘમાં આસોમાસની શાશ્વતી આયંબિલ ઓળી

અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટ વસઈ સંઘમાં ગુરૂગુણાનંદન અધ્યાત્મયોગી પ.પૂ. ગુરૂદેવ (શ્રી ઉદયરત્ન સાગરજી મ.સાની પાવનભરી નિશ્રામાં સંવત ૨૦૭૫ આસોમાસની શાશ્વતી આયંબિલ ઓળીનો પ્રારંભ શનિવાર તા. ૫ ઓક્ટોબરથી રવિવાર તા. ૧૩ ઓક્ટોબર સુધીનું આયોજન કરાયેલ છે. તપસ્વીઓના પારણા તા. ૧૪ ઓક્ટોબર સોમવારના રહેશે.

સંપૂર્ણ આયંબિલ ઓળી તેમજ પારણાના લાભાર્થી વસઈ સંઘના પાયાના પથ્થર અને પરિવારના મોભી વડીલ લખમશી નરશી નાગડાના ૮૦મા જન્મદિવસ નિમિત્તે દેવકાંબેન લખમશી નરશી નાગડા હસ્તે મોક્ષા, માનસી કવિતા જયેશ નાગડા ગામ સણોસરાવાળા પરિવાર છે.

વસઈમાં રહેતા સમસ્ત કચ્છી સમાજના દરેકે દરેક ઘરે ઓળી થવી જોઈએ માટે પધારો અને આયંબિલનો લાભ આપો.

આયંબિલ ઓળી કરનાર તપસ્વીઓએ નામ વસઈ સંઘ કાર્યાલયમાં લખાવે છૂટક આયંબિલ કરનાર પોતાના નામ આગળના દિવસે અગાઉથી લખાવે. તા. ૫ ઓક્ટોબરથી શ્રી વર્ધમાન તપ પાયામાં જોડાવનાર નામ કાર્યાલયમાં લખાવે.

# નાની વયમાં ભવ્ય તપસ્યા કરનાર મોહિત શિયાલ



મૂળ જખૌના ઘાટકોપરમાં રહેતા ૧૩ વર્ષીય મોહિત અમિતભાઈ શિયાલ પ.પૂ. ગુરૂદેવ દેવરત્નસાગરજી મ.સા.ની સ્મૃતિ કરતા પ.પૂ.દેવરક્ષિત મ.સા.ની પ્રેરણાથી ૧૦૮ એકાસણા તપનું ભવ્ય અભિયાન સાથે તા.૨જી ઓક્ટોબર બુધવાર રોજે સળંગ ૧૦૮મું એકાસણું કર્યું.

આયોજક શ્રીગુણસિંધુ પરિવાર દ્વારા બાળ તપસ્વીની ભુરી ભુરી અનુમોદના.




શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત
## પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

### દાતા પરિવારો




**સંઘમાતા માતુશ્રી સોનલબેન રાયચંદ**
**હંસરાજ ધરમશી પરિવાર**
(સુથરી - વરલી)




**માતુશ્રી ભમલબાઈ પદમશી પુંજાભાઈ**
**પીર પરિવાર**
(સુથરી - ડોંબિવલી)


અષ્ટપ્રકારી સામગ્રી


યાત્રિકો બાંદરા ટર્મિનલ


યાત્રિકો બાંદરા ટર્મિનલ


ભદ્રેશ્વર તીર્થ


ભુજપુર - શ્રી વસંતભાઈ પીરનું બહુમાન


ભુજપુર - શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર


મોટી આસંબીયા
શ્રી રમેશ લોડાયાનો બહુમાન


શેરડી - ભવ્ય સામૈયું


શેરડી - શ્રી મહેન્દ્રભાઈ પીરનું બહુમાન

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત
## પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી


ગઢશીશા - શ્રી કુલીનભાઈ પીરનું બહુમાન


નરેડી - ભવ્ય સામૈયું


નરેડી - શ્રી હિરેનભાઈ લાપસિયાનું બહુમાન


ડુમરા - પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી


ડુમરા - શ્રી રમેશભાઈ લોડાયાનું બહુમાન


કોટડી મહાદેવપુરી -ગુરૂવંદન અને સાવંત્સરિક વંદન



મુંબઇ મહાજનશ્રી પ્રમુખ કલ્પેશભાઇ મોતાનું બહુમાન


મુખ્ય દાતાશ્રી પરિવારનું બહુમાન


મુખ્ય દાતાશ્રી પરિવારનું બહુમાન



સહાયક દાતાશ્રી પરિવારનું બહુમાન


સંભારણા રૂપે બેગ અને સંઘપૂજનના કવર


અષ્ટપ્રકારી સામગ્રીના દાતાશ્રીનો બહુમાન


મિચ્છામિ દુક્કડમ કરતા મહાજનશ્રીના સભ્યો



દાતા પરિવારની શ્રાવિકોઓનું તિલકથી સન્માન કરેલ


યાત્રાનો આનંદ માણતા યાત્રિકો

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ આયોજિત પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

બુધવાર તા. ૧૧-૦૯-૧૯ ના સમી સાંજે મેઘરાજાની અનરાધાર કૃપાએ બધા યાત્રિકો હર્ષોલ્લાસથી બાંદ્રા રેલવે સ્ટેશનથી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા આયોજિત પર્વાધિરાજ પર્યુષણના પાંચ કર્તવ્યમાંના એક કર્તવ્ય ચૈત્ય પરિપાટીનું આયોજન **મુખ્ય દાતા સંઘમાતા માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી-વરલી પરિવાર તથા સહાયક દાતા - માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર, સુથરી-ડોમ્બિવલી.**

પરિવારના સહયોગે ૧૧૧ યાત્રિકો દાતા પરિવારના સભ્યો સહ કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા ૫.૪૫ કલાકે **પ.પૂ. અચગચ્છધિપતિ તપસ્વીરત્ન, તપચક્રવર્તી આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગરસુરીશ્વરજી તેમજ સાધુ-સાધ્વીજી ભગવંતોને ગુરૂવંદન, સાંવત્સરીક વંદન તથા ચૈત્યો જુહારવા** ગાંધીધામ તરફ પ્રવાસના શુભ મંડાણ કર્યા....

ગાંધીધામ સ્ટેશને ૭.૧૫ કલાકે સવારના પહોંચી તૂફાન વાહનો દ્વારા વ્યવસ્થા પ્રમાણે **ભદ્રેશ્વર તીર્થ** તરફ રવાના થયા. નવકારશી ગ્રહણ કર્યા બાદ મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની સેવા પૂજા, ચૈત્યવંદન વિધિ કરી વાહન દ્વારા **ગણેશ રતડીયા** શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલયે દર્શનવિધિ કરી ભુજપુર તરફ પ્રયાણ.

**ભુજપુર** - ભુજપુર મહાજન તરફથી સ્વાગત, જિનાલયમાં ચૈત્યવંદન કરી ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી પુનિતગુણાશ્રીજી મ સા.આદિ ઠાણા ૨ ને ગુરુવંદન, સાંવત્સરીક વંદન કરી માંગલિક તેમજ પ્રસંગોચિત વ્યાખ્યાન શ્રવણ કરેલ. ભુજપુર મહાજન તરફથી દાતા પરિવારના વડીલબંધુ શ્રી વસંતભાઈનું બહુમાન કરવામાં આવેલ. માનદમંત્રી રમેશ લોડાયા દ્વારા પૂ. ગુરૂભગવંતોને શાતા, તપસ્વી યાત્રિકોને શાતા, પ્રણામ કર્યા બાદ પ્રવાસની માહિતી અપાઈ તેમજ ભુજપુર મહાજન, સંઘનો આભાર માની સંઘપૂજન સ્વીકારી **શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ** મંદિરમાં સ્થાપિત દેવીઓના દર્શન - પ્રણામ કરી મોટા આસંબીઆ તરફ પ્રયાણ.

**મોટા આસંબીયા** - સ્થાનિકો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ, જિનાલયમાં ચૈત્યવંદન, દેવદર્શન વિધિ કરી ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી અક્ષયગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ૬ ને ગુરૂવંદન, સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તથા પર્વને લગતા સુચિતાર્થો ટુંકાણમાં શ્રવણ કરેલ. સંઘ દ્વારા મહાજન માનદમંત્રી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. રમેશ લોડાયા દ્વારા સર્વે ભગવંતોને સુખશાતા સંઘમાં પર્વ રૂડી રીતે ઉજવાયાની માહિતી તથા શ્રી મોટા આસંબીયા સંઘનો આભાર માની સંઘપૂજન સ્વીકાર કરી વાહન દ્વારા શેરડી તરફ પ્રયાણ કરવામાં આવેલ.

**શેરડી** - સમય ને લક્ષમાં રાખી શેરડી સંઘના ભાઈઓનો સંપર્ક કરી શેરડીમાં પ્રથમ બપોરની સાધર્મિક ભક્તિને ન્યાય આપી સંઘ દ્વારા મહાજનશ્રીનું ઢોલ, શરણાઈના નાદે ભવ્ય સામૈયું કરવામાં આવેલ. નૂતન જિનાલયમાં દર્શન કરી ઉપાશ્રયમાં બિરાજમાન સાધ્વી મુખ્યા પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તેમજ પૂજ્યશ્રી દ્વારા પ્રાસંગિક ઉપદેશ આપવામાં આવેલ. શ્રી શેરડી સંઘ દ્વારા દાતા પરિવારના શ્રી મહેન્દ્રભાઈ પદમશી પીર, સુથરી નું બહુમાન કરવામાં આવેલ. માનદ મંત્રી રમેશ લોડાયા દ્વારા પૂજ્યશ્રી મોટા આસંબીયા શ્રી છરી પાલિત સંઘ - સુથરી મુકામે તા. ૦૨-૧૨-૨૦૧૯ના એમનો ૬૬ મો દિક્ષા તિથિ સ્થળ સુથરી મુકામે પધારશે તા. ૦૩-૧૨-૨૦૧૯ સંઘમાળ વખતે - શેરડી સંઘ તથા યાત્રીકોને પધારવા આમંત્રિત કરેલ. શેરડી સંઘનો સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા તથા બહુમાન માટે આભાર માની સંઘપૂજનનો લાભ લઇ ગઢશીશા તરફ પ્રયાણ કરવા સુચન કરેલ.

**ગઢશીશા** - ગઢશીશા મધ્યે નૂતન જિનાલયમાં શ્રી આદિનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદનની વિધિ કરી ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા આદિ ઠાણા ૩ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તેમજ પૂજ્ય મેઘરક્ષિતસાગરજી મ. સાહેબે પ્રાસંગિક ઉદબોધન કરેલ જેમાં મસ્જિદબંદરમાં ગુરૂદેવ દેવરત્નસાગરજી મ.સા.ના ચાતુર્માસ નો ઉલ્લેખ કરી શ્રી સંઘમાં ઉતરોતર ધાર્મિક પ્રવૃત્તિઓ નો ઉમેરો થયેલ છે તેની ઝલક લાક્ષણિક શૈલીમાં આપેલ. શ્રી ગઢશીશા સંઘ દ્વારા દાતાશ્રી કુલીનભાઇ પદમશી પીર તથા શ્રી અનંતનાથ દેરાસરના ટ્રસ્ટીશ્રી કમલેશભાઈ સોનીનું બહુમાન કરવામાં આવેલ. ગઢશીશાના શ્રી વિશનજીભાઈ દ્વારા આપણી જ્ઞાતિના ઉત્કૃષ્ટ ગુણગાન, સંપૂર્ણ અચલગચ્છીય તથા દાતાશ્રી કુલીનભાઇ પીરની સામાજિક પ્રવૃત્તિઓને બીરદાવેલ. માનદમંત્રી દ્વારા શ્રી ગઢશીશા સંઘનો બહુમાન માટે આભાર માની સંઘપૂજનનો લાભ લઇ સર્વે ને દેવપર જવા માટે પ્રયાણ કરેલ.

**દેવપર** - જિનાલયમાં દેવદર્શન, સ્તુતિ વિધિઓ કરી ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. મુનિશ્રી મલયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કર્યા બાદ માંગલિક શ્રવણ તેમજ સમયને લક્ષમાં રાખી પ.પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા. દ્વારા પ્રાસંગિક પ્રવચન તથા ચા - પાણીની વ્યવસ્થા ટાળી નરેડી સુધીનો પ્રવાસ તથા ચૌવિહારનો સમય જાળવવા કોટડા-રોહા સંઘના ભાઈઓને ફોન ઉપર સંપર્ક કરી સીધા નરેડી જવા નિર્ણય લીધેલ. સંઘ દ્વારા શ્રી કમલેશ સોનીનું બહુમાન કરવામાં આવેલ. સંઘપૂજનનો લાભ લઇ નરેડી તરફ પ્રયાણ કરેલ.

**નરેડી** - નરેડી પહોચતાં સ્થાનિક સંઘના સભ્યો સાથે ચૌવિહારનો સમય સાચવવા વાર્તાલાપ પ્રમાણે સર્વે યાત્રિકો સાથે

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ આયોજિત પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

ચૌવિહાર માટે ભોજનગૃહમાં સાંધ્ય સાધાર્મિક ભક્તિનો લાભ લીધો. નરેડી સંઘ દ્વારા બેડાં તથા પખાવાજ તેમજ ઢોલના ઢબૂકે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. જિનાલયમાં દર્શન ચૈત્યવંદન વિધિ પૂર્ણ કર્યા બાદ ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ.સા. ને વંદન કરવા ગુરૂજી અમારો અંતરનાદના ગુંજનાદ સાથે પ્રવેશ કરી ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તેમજ સાહેબજી દ્વારા વિસ્તૃત દોઢ કલાક પ્રાસંગિક વ્યાખ્યાન આપવામાં આવેલ. શ્રી સંઘ દ્વારા ધાર્મિક સમિતિના કન્વીનર શ્રી હિરેન નવીનચંદ્ર લાપસીયાનું બહુમાન કરવામાં આવેલ. નરેડી સંઘના પ્રમુખશ્રી નાનજીભાઈ દ્વારા સ્વાગત, પર્વ ઉજવણી રૂપરેખા તથા રમેશ હીરજી લોડાયા દ્વારા શ્રી નરેડી સંઘની સાધાર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા કરી આપવા, બહુમાન તેમજ ભવ્ય સામૈયાની ભૂરી ભૂરી અનુમોદના કરવામાં આવેલ.

**મંજલ રેલડીયા** – નરેડી સંઘની મીઠો મધુર આવકાર માણી મંજલ રેલડીયા પહોંચ્યા. સમય જેમ કોઈની રાહ જોતો નથી તેમ મંજલ રેલડીયા પહોંચતા રાત્રે ૯.૧૫ વાગ્યા દર્શન આરતી – મંગલ દીવાનો લાભ લીધો.

મંજલ રેલડીયાના ટ્રસ્ટી શ્રી સોમચંદ ધરમશી ખાસ મહાજનશ્રીનું સ્વાગત કરવા સ્થાનકે પધારેલ દાતા પરિવારના શ્રી કુલીનકાંત પદમશી પીરનું સન્માન કરવામાં આવેલ. શ્રી મંજલ સંઘ દ્વારા સર્વેનું પુજાના રૂમાલ દ્વારા સંઘપૂજન કરવામાં આવેલ.

રાત્રીના ૯.૪૦ નો સમય થતાં તથા યાત્રિકોનો આખા દિવસનો પ્રવાસ હોઈ મુખારવિંદો ઉપર થકાવટના ચિહનો તથા યાત્રિકોનો અભિપ્રાય જાણી સુથરી જવાનું મોકૂફ રાખવું પડેલ. રાણપર ભારે વરસાદને લીધે પ્રવાસ અનુકુળ નહોતાં મુંબઈથી જ ન જવાનો નિર્ણય લેવામાં આવેલ. ડુમરા સંઘના પણ ફોન ઉપર ફોન આવતાં મંજલ થી ડુમરા તરફ રાત્રિ રોકાણ માટે રવાના થયેલ.

**ડુમરા** – રૂમોની ફાળવણી કાર્ય પ્રમાણે યાત્રિકો ડુમરા યાત્રિકગૃહમાં રાતવાસા માટે ગોઠવાઈ ગયેલ.

તા. ૧૩-૯-૧૯ ને શુક્રવારે વહેલી પરોઢે જિનાલયમાં ડુમરા મધ્યે ચંદ્રપ્રભુ દાદાની સેવા-પૂજા, ચૈત્યવંદન તથા ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ને ગુરૂવંદન, સાવંત્સરીક વંદન, માંગલિક શ્રવણ તથા પૂ. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. દ્વારા પ્રસંગોચિત માર્મિક વ્યાખ્યાન આપવામાં આવેલ. શ્રી ડુમરા સંઘ દ્વારા માનદમંત્રી રમેશ લોડાયાનું બહુમાન કરાયેલ. રમેશ લોડાયાએ શ્રી ડુમરા સંઘ દ્વારા રાત્રિ રોકાણ તેમ જ નવકારશીની ઉત્તમોત્તમ સગવડતા બદલ ભૂરિ ભૂરિ અનુમોદના કરેલ.

**દેઢીઆ તીર્થ** – ડુમરાથી નાના રતડીયા જતાં માર્ગ ઉપર યાત્રિકોએ દેઢિયા તીર્થ મધ્યે બિરાજીત શ્રી ગુણપાર્શ્વનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદન વિધિ કર્યા બાદ નાના રતડીયા તરફ રવાના થયેલ.

**નાના રતડીયા** – ભાદરવા સુદ પૂનમ તા. ૧૩-૯-૧૯ના મહા મંગલકારી દિવસે અચલગચ્છીય નાયક તપચક્રવર્તી, તપસ્વીરત્ન પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરિશ્વરજી મ.સા. ૮૮ માં જન્મોત્સવ માણવા, વધાઈ અર્પવા નાના રતડીયા જિનાલયમાં બિરાજીત શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન-વંદન વિધિ કર્યા બાદ વિશાળ મંડપમાં પૂજ્યશ્રી દ્વારા કરાયેલ મહા મંગલકારી માંગલિકનું શ્રવણ, પ.પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકર સાગરજી દ્વારા વિવિધ મુદ્દાઓ ઉપર ઉદબોધન તથા પ.પૂ. આ.ભ. શ્રી વિરભદ્રસાગરસુરીશ્વરજી મ.સા. દ્વારા પ્રાસંગિક પ્રવચન શ્રવણ કર્યા બાદ સાધાર્મિક ભક્તિને ન્યાય આપેલ. મંડપમાં પ્રવેશતાં જ પૂજ્ય શ્રી હસ્તાંતરિત સિલ્વર લેમીનેટેડ નોટ, આશીર્વાદ સમી વાસક્ષેપ તથા સંઘ પૂજન કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે યાત્રિકો વાહન દ્વારા કોટડી મહાદેવપુરી તરફ પ્રયાણ કરેલ.

**કોટડી મહાદેવપુરી** – યાત્રિકોના સંપૂર્ણ સાથ સહકારથી કોટડી આયોજનમાં સામેલ ન હોવા છતાં કોટડી જઈ જિનાલયમાં શ્રી મુનિસુવ્રત સ્વામિ તેમજ શ્રી અનંતનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદન વિધિ કર્યા બાદ ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વી રમ્યગુણાશ્રી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬ ને ગુરૂવંદન તથા  સાંવત્સરીક વંદન, માંગલિક શ્રવણ તેમ જ પ.પૂ. શ્રી અનંતગુણાશ્રી મ.સા. દ્વારા ટૂંકાણમાં પણ સચ્ચોટ તાત્વિક ઉદબોધન કરવામાં આવેલ. શ્રી કોટડી સંઘના શ્રેષ્ઠીશ્રી તલકશી ભાઈ દ્વારા રમેશ લોડાયાનું સન્માન કરવામાં આવેલ. માનદમંત્રી દ્વારા પૂજયશ્રીઓને સુખ શાતા, સંઘ ભાઈ બહેનોને પ્રણામ કરી સન્માન બદલ, સામૈયા માટે અનુમોદના કરી ડોણ તરફ જવા સૂચન કરેલ.

**ડોણ** – રમણીય જિનાલયમાં દેવ-દર્શન, ચૈત્યવંદન વિધિ કરીને ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી કૈવલયગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ૩ ને ગુરૂવંદન, સાંવત્સરીક વંદન તથા માંગલિક શ્રાવણ. શ્રી સંઘ દ્વારા દાતા પરિવારના શ્રી નલિનભાઈ પીરનું બહુમાન કરવામાં આવેલ.

ડોણ સંઘનું આદર સત્કાર તથા બહુમાન માટે અનુમોદના કરી સર્વે ૭૨ જિનાલય તીર્થ તરફ પ્રયાણ કરેલ.

**૭૨ જિનાલય તીર્થ** – તીર્થમાં દેવદર્શન વંદનવિધિ કર્યા બાદ સાધ્વીજી ભગવંતોને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન તેમજ ચા-પાણી, ભાતાનો લાભ લઇ ભુજ તરફ (વર્ધમાન નગર-ભુજોડી) પ્રયાણ...

**ભુજોડી** – ભુજ વર્ધમાન નગરે પહોંચતાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ને ગુરૂવંદન સાંવત્સરીક વંદન કરી માંગલિક અને પર્વ સબંધી પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ.

શ્રી મુંબઇ મહાજનના અધિકારીઓ દ્વારા મુખ્ય દાતા સંઘમાતા માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી-વરલી

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરવામાં આવેલ. અને એમના પરિવાર તરફથી કોઈ હાજર ન રહેતા તેમનો સન્માન એમને પહોંચાડવામાં આવશે. તથા સહાયક દાતા માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજા પીર, સુથરી-ડોંબિવલી પરિવારના ચાર ભાઈઓનું મહાજનશ્રીના અધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો દ્વારા તિલક, સાલ, તથા મોમેન્ટો તેમજ સંભારણાં રૂપે બેગ દ્વારા સન્માન કરવામાં આવેલ, તેમજ દાતા પરિવારની શ્રાવિકાઓનું તિલકથી સન્માન કરાયેલ. સંપૂર્ણ યાત્રા પ્રવાસ દરમ્યાન વિવિધ જિનાલયો ને જુહારી અને પરમાત્માને અષ્ટપ્રકારી પૂજા નો થાળ માતુશ્રી મંજુલાબેન શામજી ટોકરશી ખોના સુથરી પરિવાર તરફથી અર્પણ કરવામાં આવેલ. દાતા પરિવારના શ્રી વિજય કાનજી વિકમશી નો સન્માન મુંબઈ મહાજનશ્રીના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા દ્વારા કરવામાં આવેલ તથા ગીતાબેન વિજય વિકમશીનો સન્માન અ.સૌ. જાગૃતિ ખિરેશ પટેલ દ્વારા કરવામાં આવેલ.

માનદમંત્રી રમેશ લોડાયાએ સર્વે યાત્રિકોની ચૈત્ય પરિપાટી દરમ્યાન કોઈ પણ અગવડ થઈ હોય તો મહાજનશ્રી તરફથી ક્ષમા (મિચ્છામિ દુક્કડમ) માંગેલ. સર્વે યાત્રિકો તરફથી બહુજ સુંદર સહકાર મળ્યા બદલ અનુમોદના તથા આવા આયોજનો દાતાશ્રી પરિવારો તરફથી મળતા અનુદાન થકી જ સફળ થાય છે માટે બંને દાતા પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના..

દરેક યાત્રિકને રૂા. ૧૦૦/- તથા યાત્રા સંભારણાં રૂપે આપેલ કાર્ડ મુજબ મહાજનશ્રીના કાર્યાલયમાંથી ટ્રાવેલીંગ બેગ લઈ જવા વિનંતી. સર્વે કાર્યકર ભાઈ-બહેનોની જહેમતને બિરદાવવામાં આવેલ. કોઈ પણ ક્ષતિ બદલ અધિકારી તરીકે પોતાની જવાબદારી સ્વીકારેલ. મુંબઈ આવતાં સવારની નવકારશી માટે સુરતના આપણા ક.દ.ઓ.ભાઈઓએ સરસ વ્યવસ્થા કરેલ તે બદલ સર્વેને અભિનંદન તથા આભાર. **અહેવાલ શબ્દાંકન કરતાં ભૂલચૂક ક્ષમા.**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

### ચુંટણી અંગેની જાહેરાત

મહાજનશ્રી દ્વારા વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યો, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ૧૧ ટ્રસ્ટીઓ અને શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ ઉપરના મહાજનશ્રી ના એક પ્રતિનિધિ ટ્રસ્ટીની **તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૫** સુધીના પાંચ વર્ષના સમય માટેની ચુંટણી **રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯**ના દિવસે રાખવામાં આવી છે.

૧. મહાજનશ્રીના વર્તમાન બંધારણ એવં તેના પરીશિષ્ટ ૫ અનુસાર ચુંટણી યોજાશે.
૨. ઉમેદવારી નોંધાવવાનું ઉમેદવારીપત્રક બુધવાર તા. ૦૬-૧૧-૨૦૧૯ થી ૨૫ રૂપિયાની કિમતે મહાજનશ્રી કાર્યાલયથી મળશે.
૩. ઉમેદવારીપત્રક ભરવાની છેલ્લી તા. ૨૧-૧૧-૨૦૧૯ વાર ગુરૂવાર.
૪. ઉમેદવારી પાછી ખેચવાની છેલ્લી તા. ૦૨-૧૨-૨૦૧૯ વાર સોમવાર.
૫. મહાજનશ્રીના સભ્યપત્રકમાં પોતાનું નામ નોંધાવવા તથા જરૂરી સુધારા - વધારા કરવા માટે શુક્રવાર તા. ૦૧-૧૧-૨૦૧૯ થી બુધવાર તા. ૨૦-૧૧-૨૦૧૯ મહાજનશ્રીના કાર્યાલયમાં સભ્યપત્રક ખુલ્લું રહેશે. ગુરૂવાર તા. ૨૧-૧૧-૨૦૧૯ થી ચુંટણી પુરી થયા સુધી સભ્યપત્રક બંધ રહેશે.
૬. મતદાન રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯
૭. મતદાન સમય : સવારના ૯ (નવ) થી સાંજના ૫ (પાંચ) સુધી રહેશે.
૮. મતદાન મથકો : મસ્જિદ બંદર (માંડવી), માટુંગા, ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ, ડોંબિવલી અને ગોરેગાવ એમ સાત મતદાન મથકો રાખવામાં આવશે.
૯. મહાજનશ્રી ના સભ્યો : જેણે શુક્રવાર તા. ૨૦-૧૨-૨૦૧૯ સુધી ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હશે તેમને મતદાન કરવાનો અધિકાર રહેશે.
૧૦. મહાજનશ્રીના કાર્યાલયનો સમય સવારના ૧૧ વાગ્યા થી સાંજના ૭ વાગ્યા સુધી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ વતી**
રમેશ હીરજી લોડાયા અને ચેતનકુમાર ખીમજી મોમાયા
(માનદ મંત્રીઓ)

## સાંયરા સંઘમાં મહાકાળી માતાજીની ભાવના થઈ

તા. ૧૨-૯-૨૦૧૯ના શ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. તા. ૧૩-૯-૨૦૧૯ના માતુશ્રી મણીબાઇ ખેતશી મોમાયા તરફથી સાંયરા ગામે પખાવાજ રાખેલ જેમાં અલગ અલગ ગામોની મંડળીઓ આવેલ. જેમાં અંતરજાળ, વડોદરા કે.ડી.ઓ. મંડળ તેરા, નલીયા, કોઠારા, સાંધવ, સાંયરા મુખ્ય હતા. એકભાઇ પખાવાજ માટે ગોવાથી સાંભળવા માટે આવેલ તથા સાંધણ, વારાપધર, વાંકુ, રાપરગઢવારીથી લોકો આવેલ.

## ક.દ.ઓ. જૈન મહાજન સમિતિ નાગપુર દ્વારા ફ્રી કેમ્પ રખાયો

રવિવાર, તા.૨૯મી સપ્ટેમ્બર ડૉ. આરતીની હૉસ્પિટલમાં એમના પૂર્ણ સહકારથી સમાજના વ્યક્તિઓ માટે ફ્રી માં કેમ્પ રાખ્યો હતો. જેમાં ઇસીજી, બ્લડ ટેસ્ટ અને કન્સલ્ટ ડૉ.આરતીએ એક પૈસા લીધા વિના અને એમની હૉસ્પિટલ ઇન્દ્રાયણીના પૂરા સ્ટાફે દિલથી સેવા આપી. સમાજના લગભગ ૩૦ જણાએ આનો લાભ લીધો. ડૉ. આરતીએ હાર્ટ વિષે ખૂબ સરસ માહિતી આપી. પ્રશ્નો પૂછાયા એનો પણ સંતોષકારક જવાબ આવ્યો, સાથે ઇમરજન્સીમાં પેશન્ટને તમે કેમ ટ્રીટ કરી શકો છો તે પણ બતાવ્યું. મહાજન તરફથી ડૉ. આરતીને મોમેન્ટો આપીને સન્માનવામાં આવ્યો. મહિલા મંચ તરફથી પણ ભેટ આપવામાં આવી.

## શ્રી અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ - દલતુંગી સ્નેહમિલન

દલતુંગી ગામનું સ્નેહમિલન તા. ૨૦-૧૦-૨૦૧૯ના પાંજી વાડી, કાંજુરમાર્ગ ખાતે યોજેલ છે. આમંત્રણ પત્રિકા વિતરણ ચાલુ છે. પત્રિકા કોઇ કારણસર ન મળી તો સમાચાર વાંચીને પત્રિકા મળ્યાતુલ્ય સમજી સર્વે ગામવાસી, નિયાણી બહેનો, દીકરીઓ, આમંત્રિત મહેમાનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. શ્રી નરેન્દ્રભાઈ નંદુની હાજરીમાં મહાજનવાડીના વિવિધ ચઢાવા લેવાના છે માટે સૌને સ્નેહમિલનમાં હાજરી આપવા આગ્રહભરી વિનંતી છે.

## કલીકટ મધે પર્યુષણ પર્વની ભવ્યાતિભવ્ય આરાધનાઓ થઈ

અત્રે શ્રી કલીકુંડ પાર્શ્વનાથ અને શ્રી આદેશ્વર જિનાલયમાં પર્યુષણ પર્વ ઉજવાયેલ. પર્વ આરાધના કરાવવા મુંબઇ થી આર્યરક્ષિત વિદ્યાપીઠના ભાઇઓ શ્રી નીખીલભાઇ હરીયા અને બીજા પાંચ સાથીઓ પધારેલ અને ધર્મ આરાધના બહુજ સારી રીતે કરાવેલ. કલ્પસૂત્ર અને પ્રભુજીનું પારણું બન્ને શ્રી હેમેન્દ્ર અમરચંદ દોશી પરિવારે પધરાવેલ. પ્રભુજીની આંગીઓ બહુજ સારી રીતે કરવામાં આવેલ. રોજ રાતના પ્રતિક્રમણ અને આરતી બાદ પધારેલ, પંડીતજી અને એમના સાથીઓ સાથે રોજ ધર્મ ચર્ચામાં બધાજ ભાગ લેતા. અને ભક્તિ ભાવના કરાવતા. સાતમ નાં દિવસે અઢાર અભિષેક કરાવવામાં આવેલ. જેમાં બધાએ ભાવપૂર્વક ભાગ લીધેલ અને ત્યારબાદ બપોરના કસ્તુરચંદ લક્ષ્મીચંદ શેઠ તરફથી સાધર્મિક ભક્તિનો સકળ સંઘે લાભ લીધેલ. તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરના ટપ ગ્રુપ યોજીત ચૈત્ય પરિપાટી માટે ૯૪ જણ ચેન્નાઇ પાસે કેશરવાડી, રેડહીલ્સ (દેરાસર અને ગૌશાળા) ત્રીલોક્ય શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ અને પોરૂર દેરાસર ની જાત્રા બધાએ ભાવપૂર્વક કરેલ. ટપ ગ્રુપના શ્રી અમીત ખોના, કીરીટ દંડ, જયેશ શાહ, કૈલાશ વોરા અને અમીત શાહ અને સાથે શ્રી દિપક વેલજી શાહ બધાએ જાત્રાનો કાર્યક્રમ સફળ બનાવેલ.

## ઘાટકોપર મધ્યે હોમિયોપેથિક મેડીકલ કેમ્પનું આયોજન

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટે નો કેમ્પ શનિવાર, ૧૯-૧૦-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૧૯-૧૦-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૦-૧૦-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

# કે.ડી.ઓ. બેંગલોર સંઘમાં પર્યુષણ પર્વમાં ભક્તિ આરાધનાઓ થઈ




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનમાં ૩૮મા પર્યુષણ પર્વ ''કચ્છી ભવન'' માં તાઃ૨૫-૮-૨૦૧૯ થી ૪-૯-૨૦૧૯ સુધી હર્ષોઉલ્લાસ અને ધૂમ-ધામથી ઉજવવામાં આવ્યા. પર્યુષણની આરાધના કરાવવા મુંબઈ વિદ્યાપીઠથી શ્રીમતી નિર્મળાબેન કિશોર કારાણી તથા કોમલબેન કલ્પેશ સાવલા પધારેલ.

કોચીનથી સંગીતકાર પ્રફુલભાઇ લોડાયાને બોલાવવામાં આવેલ. જેમણે પર્વ દરમ્યાન પૂજા તથા ભક્તિ ભાવનામાં સુંદર સંગીતનો સાથ પૂરાવ્યો હતો.

તા.૨૫-૮-૨૦૧૯ના સવારના ચિકપેટથી લાવેલ શ્રી વિમલનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનને વાજતે-ગાજતે કચ્છી ભવનમાં પધરાવવામાં આવ્યા હતા. પ્રભુજીને પધરાવવાનો લ્હાવો માતૃશ્રી નવલબેન દેવજી મૈશેરી પરીવરે લીધેલ તથા પ્રભુજીને પોંખવાનો લાભ પ્રફુલભાઈ જયંતીલાલ ખોના પરિવારે લીધેલ.

ત્યાર બાદ પ્રભુજી ની સ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ.તે દિવસે સાધર્મિક ભક્તિનો લાભ માતૃશ્રી જવેરબાઇ ધનજી ધરમસી પરિવાર હસ્તે ઉમેશભાઇ તથા પરેશભાઇએ લીધેલ.

શ્રાવણ વદ ૧૨ તા ૨૬-૦૮-૨૦૧૯ ના સાંજે મહાકાળી માતાની ભક્તિ-ભાવના રાખવામાં આવેલ. તા ૨૮-૦૮-૨૦૧૯ ના બપોરે ૩ વાગે પંચ કલ્યાનક પૂજા ભણાવવામાં આવેલ.

કલ્પસુત્ર પધરાવાનો લાભ મધુકરભાઇ જગજીવન શાહ પરીવારે લીધેલ.

શ્રાવણ વદ અમાવસ તા.૨૯-૦૮-૨૦૧૯ શનિવાર ના દિવસે પોથીનો વરઘોડો મધુકરભાઇ જગજીવન શાહ પરિવારના ઘરે વાજતે-ગાજતે લઇ જવામાં આવેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ સુનીલભાઇ ખેતશી ખોના પરિવારે લીધેલ. રાત્રે ભક્તિ-ભાવના પછી જ્ઞાન-ચર્ચા અને પોથીનો જાગરણ રાખવામાં આવેલ.

ભાદરવા સુદ બીજ શનીવાર તા. ૩૧-૦૮-૨૦૧૯ના સવારના ૧૦:૩૦ વાગે ચૌદ સ્વપ્ન મહોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ભગવાન મહાવીરનાં જન્મ વાંચન વખતે ચૌદ સ્વપ્નોની અને પ્રભુજીનાં પારણાં ની બોલી બોલવામાં આવેલ. પ્રભુજીનો પારણો પધરાવવાનું લાભ માતૃશ્રી નવલબેન દેવજી મૈશેરી પરિવારે લીધેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ માતૃશ્રી નવલબેન દેવજી મૈશેરી પરિવારે લીધેલ રાત્રે ભક્તિ ભાવના પછી પારણા નો જાગરણ રાખવામાં આવેલ.

ભાદરવા સુદ પાંચમ તા.૪-૯-૨૦૧૮ ગુરુવારના સવારનાં બારસા સુત્ર વહોરાવવાનો તથા પાંચ જ્ઞાન પૂજનની બોલી બોલાવવામાં આવેલ. જ્ઞાન પૂજન પછી બારસા સુત્રનું વાંચન કરવામાં આવેલ જેના પછી શ્રી સાચા સુમતીનાથ




# કે.ડી.ઓ. બેંગલોર સંઘમાં પર્યુષણ પર્વમાં ભક્તિ આરાધનાઓ થઈ



દેરાસર, જયનગર માં ચૈત્ય પરિપાટી લઈ જવામાં આવેલ. સાંજે ૪ વાગે સાવંત્સરી પ્રતિક્રમણ કરવામાં આવેલ જેમાં સર્વે મળીને વર્ષ દરમિયાન કરેલ પાપો માંટે મન-વચન-કાયા થી સર્વે જીવોને ખમાંવેલ. સાંજે સામુહિક સાંજીનું કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં સર્વે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. આ વર્ષે શ્રી કેતકભાઈ લક્ષમીચંદ ધરમશી, શ્રીમતી કિંજલ જતીન શાહ, કુમાર ધૈર્ય કિશોર લોડાયા, શ્રીમતી હિના નવીન ધરમશી અને શ્રીમતી કૃપા વિશાલ નાગડા એ અઠાઈ તપ કરેલ. તે સિવાય છઠ અને અઠમ કરનારની પણ સારી સંખ્યા થયેલ.

ભાદરવા સુદ છઠ તા.૪-૯-૨૦૧૯ બુધવારના સવારના સામુહિક પારણાં રાખવામાં આવેલ. જેનો લાભ શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર લોડાયા પરિવારએ લીધેલ. જેના બાદ સામુહિક ક્ષમાપનાનો કાર્યક્રમ કરવામાં આવેલ. ત્યારબાદ આરાધકોનું બહુમાન, કાર્યકર્તાઓનું બહુમાન કરવામાં આવેલ. ભક્તામર લક્કી ડ્રોના ઇનામ સુનિલભાઈ ખેતસી ખોના પરિવાર તરફથી આપવામાં આવેલ. ત્યારબાદ પ્રભુ મહાવીરનો પારણાનો વરઘોડો સતીષભાઇ દેવજી મૈશેરીના નિવાસ સ્થાને લઇ જવામાં આવેલ અને બપોરના સકળ સંઘે સ્વામીવાત્સલ્ય જમણનો લાભ લીધો હતો.

પર્વ દરમ્યાન બાળકો દ્વારા સ્કીટ અને અન્ય ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવેલ.

પર્યુષણ મહાપર્વ ખુબ ઉત્સાહ, ઉમંગ અને ધૂમ-ધામથી ઉજવવામાં આવેલ.






# કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના થઈ





શ્રી કચ્છી દશા ઓશવાળ મંડળ - ડોંબિવલી દ્વારા અને માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (નલીયા-મુલુન્ડ) પરિવારના સહયોગે શનિવાર, તા.૧૪.૦૯.૨૦૧૯ના ૪૩મા સ્નેહમિલનની પૂર્વ સંધ્યાએ શ્રી અચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ. શ્રી મહાકાળી માતાજીની ભકિત-ભાવના મનોજભાઇ કારાણી અને સાથી કલાકારો દ્વારા સંગીતના સથવારે સુમધૂર ભકિત ગીતો રજૂ કર્યા હતા. ૧૦૫૦ થી વધુ જ્ઞાતિજનો તેમજ આમંત્રિતો અને દાતા પરિવારો આ ભકિત ભાવનામાં પધાર્યા હતા.

સૌ પ્રથમ લાભાર્થી પરિવારના સભ્યો માતાજીને માળારોપણ તથા ચુંદડી-વેણી-પ્રસા ચડાવી દીપ, અગરબત્તી પ્રજ્વલિત કરી મંગલ શરૂઆત કરી હતી. મંડળના ભૂતપૂર્વ પ્રમુખો સહ આમંત્રિત મહેમાનોની હાજરી હતી.

મનોજ કારાણી અને સાથી કલાકરોએ પોતાની આગવી શૈલીમાં માતાજીના વિવિધ સ્તવનો રજુ કર્યા હતા જે જ્ઞાતિજનોને ખુબજ ગમ્યા હતા સાથે સાથે હંસકુમાર મૈશેરીએ પણ ભક્તિભાવનામાં સુંદર સ્તવનો રજુ કર્યા હતા. પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રા રહી હતી. દાતા પરિવારના વીરેન્દ્રભાઇ, શ્રીમતી છાયાબેન, ચિ. યશ અને ચિ. અજયની અઠ્ઠાઇ બદ્દલ શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી અને શ્રી નલીયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ તરફથી અનુમોદ્નાર્થે તેમને યાદગીરી રૂપે ફોટોફ્રેમ આપી બહુમાન કરવામાં આવેલ. મંડળ દ્વારા દાતા પરિવારની સુકૃત કાર્ય બદ્દલ ખુબ અનુમોદ્ના સાથે તેમનું પણ પુષ્પગુચ્છ આપીને બહુમાન કરવામાં આવેલ. દાતા પરિવારે જાપ-સ્તુતિ અને આરતી ઉતારેલ. સર્વે જ્ઞાતિજનો અને પધારેલ મહેમાનોએ પ્રસા અને ચૌવિહારનો લાભ લીધેલ.

સાથે પરિવાર તરફથી શ્રી મહાકાળી માતાજીના વિવિધ સ્તવનો ધરાવતી લક્ષ્મીછાયા પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ. જે પરિપત્ર સાથે ડોંબિવલીના પ્રત્યેક ઘરે પહોંચાડવામાં આવી હતી.

સૌ પ્રથમ પધારેલ ૩૦૦ ભાવિકોને લક્કી કૂપન આપવામાં આવેલ. લક્કી કૂપન શ્રીમતી સિદ્ધિ વીરલ ઘરમશી (સાંધાણ)ના ફાળે ગયેલ. તેમને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. અચલગચ્છની અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાળી માતાજીની ભકિત ભાવના ધામધૂમપૂર્વક, આનંદમય, હર્ષમય ને ઉમળકાભેર સૌ જ્ઞાતિજનોએ માણીને શ્રી મહાકાળી માતાજીની જય બોલાવી ભક્તિ ભાવનાની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વડોદરા સંઘમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધનાઓની ઝાંખી

પ.પૂ.નરેન્દ્ર-અરૂણ-ધૈર્યબાગના માતૃહૃદયા મધમધાયિમાન પુષ્પરૂપ પ.પૂ.સા ગુણમાલીશ્રીજી મ.સા. ના શિષ્યાશ્રી પ.પૂ. સા શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા તથા પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદીઠાણા ૨ ની પાવન નિશ્રામાં પર્યુષણ પર્વ ભક્તિભાવ પૂર્વક ઉજવાયા. સંઘમાં ૩ નિગોધ તપ, ૧ ગીરનીરી તપ, ૧ સોળભત્થો, ૯ અઠાઈ, ૧ સાત ઉપવાસ, ૧૬ સવ્વસરોહણ તથા અક્ષયનિધિ, અઠમ-છઠ, આયંબિલ, રોજના ૪૫ જેટલા એકાસણા થયા. તપસ્વીઓનું બહુમાન હંમેશ મુજબ સ્વર્ણ મુદ્રા વડે કરવામાં આવ્યું. વડોદરાના શ્રી લક્ષ્મીચંદ પાસ્વીર દંડે ૩૨ ઉપવાસ ગીરનાર મુકામે પ.પૂ.આ.ભ. કવિન્દ્રસાગર મ.સા.ની નિશ્રામાં કર્યા તથા શ્રી ભરત રામજી નાગડાએ ચોસઠપોરી ચોવિહારી ૧૦ ઉપવાસ આ.ભ. રત્નસૂરિસાગરજી મ.સાની નિશ્રામાં ઈંદોર મુકામે કર્યા. પોથી પધરાવવાનો લાભ સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધો. પર્વ દરમીયાન હેતલ મૈશેરીના રાહબર નીચે યુવામંચે સરસ સાંસ્કૃતિક પ્રોગ્રામ આપ્યા. રોજે રોજની પ્રભાવના માટે શ્રી તરૂણભાઈ નાગડા તથા વહીવટી કાર્યાલય દિનેશભાઈ નાગડાએ બખુબી સંભાળ્યા. ચૈત્ય પરિપાટી માટે જામનગર-હાલાર પંચતીથી તથા લાલપર ભલારાદાદ્દા ૭૦ ભાવિકોને બસ દ્વારા બે દિવસમાં શ્રી કલ્યાણજી મુલજી લોડાયા હ. રાજેશ્રી વર્ધમાન લોડાયાના સહયોગથી કરાવવામાં આવી. નવે નવ દિવસની નવકારશી, બપોરની સ્વામીભક્તિ તથા સાંજના ચૌવિહારના મુખ્ય સહયોગી દાતા દમયંતીબેન રતનશી લોડાયા-સાંયરા પરિવારે લાભ લીધો. જેનો દરોજ ૨૫૦ ઉપરાંત લોકોએ લાભ લીધેલ. રસોડા પર શરદભાઈ કારાણીએ નિઃસ્વાર્થભાવે સારી સેવા આપી. સમગ્ર પર્વનું સફળતાપૂર્વક સંચાલન ચાર્તુમાસના કન્વીનર પ્રીતમભાઈ કુંવરજી લાલકા અને નરેન્દ્રભાઈ દામજી મોમાયાએ કર્યુ. પર્વબાદ પ.પૂ.આ.ભ.ગુણોદસાગરસૂરિશ્વરજી મ.સા.ના જન્મદિને વડોદરાથી ભાવિકો દર્શન-વંદન કરવા રેલમાર્ગે ગયા હતા. ત્યાર બાદ અબડાસાની પંચ તિથિ કરી સાંયરા મુકામે પખાવાજમાં હીસ્સો લીધેલ.

જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટસએપ પર મોકલો
9322257731



# કે.ડી.ઓ. મંડળ ડોંબિવલીનો ૪૩મો સ્નેહમિલન યોજાયો

૪૩માં સ્નેહમિલન સમારોહની બોલતી તસ્વીરો...



રવિવાર, તા. ૧૫.૦૯.૨૦૧૯ મંડળના ૪૩માં સ્નેહમિલનની શુભ શરૂઆત સવારે ૧૦:૧૫ કલાકે બેન્ક્વેટ હોલમાં માનવંતા મહેમાનોનું ઢોલ-શરણાઇના સુરે વાજતે-ગાજતે કંકુ-ચોખાનું તિલક કરીને મંડળના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા), ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા) અને માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર) તેમજ મંડળના વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સર્વે સભ્યોએ અંતરની ઉર્મિઓથી ભાવભીનું સ્વાગત કર્યું હતું.

સમારંભ પ્રમુખ શ્રી કાંતિલાલ કરમશી વિકમશી (જખૌ - વાલકેશ્વર), અતિથિ વિશેષ શ્રી ધનપતિભાઇ કુંવરજી મોમાયા (બારોઇ - જલગાંવ), શ્રી મહાકાળી માતાજીની ભાવના અને તપસ્વી બહુમાનના દાતાશ્રી માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (નલીયા - મુલુન્ડ), શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણના દાતાશ્રી માતુશ્રી તારાબાઇ નારાણજી નાગડા પરિવાર (નલીયા), શૈક્ષણિક સન્માનના દાતાશ્રી બીપીન પાશ્વીર નાગડા (રંગપુર-મુલુન્ડ), શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી - ઘાટકોપર) તેમજ શ્રી સમસ્ત મહાજનના સેક્રેટરી જનલર શ્રી નિશીથ આણંદીલાલ દંડ (તેરા -વડોદરા), દાતાશ્રી પરિવારજનો, પધારેલા મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ નવકારશી કરી કાર્યક્રમના હોલ તરફ શુભ પ્રસ્થાન કર્યું હતું.

મંડળના માનદ્મંત્રી મહેન્દ્ર મોતાએ કાર્યક્રમની શુભ શરૂઆત કરતાં સામૂહિક નવકાર મંત્રનું પઠન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલીયા), શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપર) સહ પધારેલ સર્વે જ્ઞાતિજનોએ કરાવેલ તેમજ મંચ ઉપર બિરાજમાન થનાર મહાનુભાવોના હસ્તે દીપ પ્રકાશન, શ્રી મહાકાળી માતાજી, શ્રી સરસ્વતી માતાજી અને શેઠશ્રી નરશીનાથાની છબીને વાજતે-ગાજતે હારારોપણ કરવામાં આવ્યુ હતું. પ.પૂ.સાધ્વી શ્રી વિશ્વકીર્તિશ્રીજી મહારાજ સાહેબે ધર્મલાભ પાઠવેલ. શ્રી વીરચંદ હીરજી લોડાયા તથા મંડળના સભ્યો દ્વારા સામૂહિક ક્ષમાપના કરાવવામાં આવી હતી.

મંડળના માનદ્મંત્રી મહેન્દ્ર મોતા એ મહાનુભાવોને આવકાર આપી મંચ ઉપર મહાનુભાવોને બિરાજમાન કરાવ્યા હતા.

માનદ્મંત્રીએ મંડળની વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ સંક્ષિપ્તમાં રજૂ કર્યો હતો.

મંડળના પ્રમુખશ્રી હેમંત ધુલ્લાએ સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષ, દાતા પરિવારો, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોને આવકાર આપી સાથ સહકારની પ્રશંસા કરી હતી.

સમારંભ પ્રમુખશ્રી કાંતિલાલ કરમશી વિકમશીનું પરિચય કુ. નીતિ ધનેશ ધુલ્લા (ભરૂડીયા) આપેલ તેમજ બહુમાન મંડળના પ્રમુખ હેમંત ધુલ્લાએ કર્યું હતું.

સમારંભ અતિથિ વિશેષ ધનપતિ કુંવરજી મોમાયા (બારોઇ)નું પરિચય રાહુલ સુરેશ મોતા (મોટી ધ્રૂફી)એ આપેલ. તેમજ બહુમાન મંડળના ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર ડાઘાએ કર્યું હતું.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઇના પ્રમુખશ્રી કલ્પેશભાઇનું બહુમાન મંડળના સહમાનદ્મંત્રી વિશ્વજીત ખીમજી લોડાયા અને શ્રી મનોજ દેવચંદ ખોનાએ કર્યું હતું. કલ્પેશભાઇ મોતાએ મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

જ્ઞાતિજનોએ નાના મોટા કોઇપણ કાર્ય માટે નિઃસંકોચ મળી શકે છે.

સમસ્ત મહાજનના જનરલ સેક્રેટરી નિશીથ આણંદીલાલ દંડ (તેરા - વડોદરા)નું બહુમાન માનદ્મંત્રી મહેન્દ્ર મેઘજી મોતાએ કર્યુ હતું. નિશીથભાઇ એ સમસ્ત મહાજનના કાર્યોની રૂપરેખા આપેલ અને ગ્લોબલ કાર્ડમાટે વિશેષ સમજણ આપી સભ્ય બનવા ઉપર ભાર આપેલ.

શૈક્ષણિક સહાયક દાતાશ્રી બીપીનભાઇ પાશ્વીર નાગડા (રંગપુર-મુલુન્ડ)નું બહુમાન તંત્રી ચેતન લહેરચંદ નાગડા, અજય

# કે.ડી.ઓ. મંડળ ડોંબિવલીનો ૪૩મો સ્નેહમિલન યોજાયો



હીરાચં શિયાલ તથા ગિરીશ માણેકજી નાગડાએ કર્યું હતું. બીપીનભાઇ તથા મંચસ્થ મહાનુભાવોના હસ્તે એસ.એસ. સી. અને એચ.એસ.સી. માં પ્રથમ, દ્વિતિય ક્રમાંક તેમજ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ સરસ્વતી ઉપાસકોને પુષ્પગુચ્છ અને ટ્રોફી આપવામાં આવેલ.

શ્રી મહાકાળી માતાજીની ભાવના સહ તપસ્વી બહુમાનના દાતા પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર(નલીયા - મુલુન્ડ) વતીથી વીરેન્દ્ર ભવાનજી લોડાયા, શ્રી ધનપતિ ભવાનજી લોડાયા, અ.સૌ. છાયાબેન વીરેન્દ્ર લોડાયા,અ.સૌ. કલ્પનાબેન ધનપતિ લોડાયાનું બહુમાન મંડળના ખજાનચી પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા, સહ ખજાનચી મુકેશ ખીમજી વિકમશી, શ્રી મુકેશ હીરાચં શિયાલ, નીલેશ શીવજી વિકમશી, શ્રી વિપુલ લખમશી મોમાયા, શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા તેમજ શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડાએ કર્યું હતું. આ પ્રસંગે લાભાર્થી પરિવાર તરફથી દરેક તપસ્વીઓને અનુમોદ્ના રૂપે ભેટ આપવામાં આવેલ.

શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ માતુશ્રી તારાબાઇ નારાણજી નાગડા (નલીયા) પરિવાર વતી હીરાચંદ નાગશી નાગડાનું બહુમાન શ્રી મનોજ દેવચંદ ખોના તેમજ માતુશ્રી તારાબાઇનું બહુમાનનું સન્માન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા તેમજ શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડાએ કર્યું હતું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ મે. તન-મન ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ (મુલુન્ડ) તરફથી શ્રી સમ્મેતશિખરજીની યાત્રાનું એક લક્કી ડ્રો કરવામાં આવેલ જેમાં કુ. નિકીતા કુમારપાલ ધરમશી (સાંયરા) તેમજ મંડળ તરફથી પાલીતાણા યાત્રાનું લક્કી ડ્રો અ.સૌ. વીણાબેન હીરેન કાયાણી (જખૌ)ને મળેલ. શ્રીમતી મનિષા ચેતન પોલડીયા (વારાપધ્ધર - થાણા) તેમજ એમની ટીમ તરફથી સંગીત થેરેપી કરાવેલ. સંપૂર્ણ કાર્યક્રમનું સૂત્ર સંચાલન મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર) તેમજ મંડળની વિનંતીને માન આપી શ્રી વિજય વિશનજી સોની (વાંકુ)એ આગવી શૈલીમાં સંચાલન કરેલ.

મંડળના ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇએ આભારવિધિ કરી હતી.

સ્નેહમિલનમાં જ્ઞાતિજનો, મહાજનો, ટ્રસ્ટીઓ, મંડળો, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના પદાધિકારીઓ અંદાજે ૨૦૫૦થી વધારે હાજરી હતી. સ્વામિવાત્સલ્ય પછી શૈક્ષણિક, વિશેષ સિદ્ધિ મેળવેલ વ્યક્તિઓ તેમજ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. તપસ્વીઓના બહુમાનના કાર્યક્રમમાં શ્રીમતી નયનાબેન આચાર્યે સાંજીના ગીતો રજૂ કરીને રમઝટ જમાવી હતી.

બપોરની ચા-પાણી અને રાસ-ગરબા મન મૂકીને માણ્યા હતા. આગામી ૪૪, ૪૫ અને ૪૬માં સ્નેહમિલનમાં શ્રી મહાકાળી માતાજીની ભક્તિભાવના, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ તથા તપસ્વીઓના બહુમાનના લાભાર્થી પરિવારના નામની જય બોલાવીને લાભાર્થી પરિવારનું અભિવાદ્ન કરવામાં આવ્યું હતું.

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલીના શિરમોર કાર્યક્રમમાં વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સર્વે સભ્યોના સાથ-સહકારથી ૪૩મું સ્નેહમિલન, શ્રી મહાકાળી માતાજીની ભાવના, તપસ્વી બહુમાન, શૈક્ષણિક સન્માન, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ સહ સ્વામિવાત્સલ્યના કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઇઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા વાર્ષિકોત્સવ ઉજવાયો



શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ મુલુંડનાં મહિલા વિભાગ દ્વારા ૩૦મા વાર્ષિકોત્સવની ઉજવણી નિમિત્તે તા. ૨૯ સપ્ટેમ્બર, રવિવાર અને નવલી નવરાત્રિનાં પહેલા નોરતાનાં દિને બપોરનાં ૩.૩૦ કલાકથી સારસ્વત વાડી, ઝવેર રોડ મધ્યે 'ઢોલ બાજે ૨૦૧૯' રાસગરબાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રભાવંતી ઝવેરચંદ મોમાયા પરિવાર અને ડો. જયંતિ કિશોર લાલકા પરિવારનો મુખ્ય દાતા તરીકે આર્થિક સહકાર મળ્યો હતો. દાતા પરિવારનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ મહિલા વિભાગનાં પ્રેસીડન્ટ રેણુકાબેન લોડાયાએ પધારેલા મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. ઢોલ અને શરણાઈનાં તાલે ખેલૈયાઓ મન મૂકીને રાસ ગરબા રમ્યા હતા. બહેનો માટે આપણી દેશી રમતો ઢોલ રાંધ, મટુકડી, તેમજ ધમાલની સ્પર્ધાનું તેમજ ભાઈઓ માટે મટુકડી, ધમાલ અને ૧૨ દાંડિયાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ અસલી કચ્છી ઢબનાં રંગબેરંગી ભાતીગળ પોષાક ધારણ કર્યા હતા અને જાણે મીની કચ્છ મુલુંડમાં ઉતરી આવ્યું હતું. એ દ્રષ્યો સર્જાયા હતા અને કચ્છની સંસ્કૃતિને





જીવંત રાખી હતી.

ઢોલ અને શરણાઈ સાથે હંસકુમાર મૈશેરી, કિન્નરી ધરમશી અને અંકિતા ખોનાએ પોતાના કંઠનાં કામણ પાથરી એક અદ્વિતીય અને અદ્દભૂત






માહોલ ઊભો કર્યો હતો. મંડળ દ્વારા ચાલતા રાસ ગરબાનાં વર્ગોમાં જોડાયેલ સભ્યોએ શીલા સોનીનાં નેતૃત્વ હેઠળ પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિના સમન્વય રૂપે કળાની આછેરી ઝલક રજૂ કરી હતી. આપણા ખેલૈયા કલાકારોની કળાને પારખવા જજ તરીકેની કામગીરી ચાંદનીબેન લાલકા અને જયશ્રીબેન દંડએ નિભાવી હતી. ઉંમર પ્રમાણે જુદા જુદા ગ્રુપ બનાવી સ્પર્ધા થઈ હતી અને વિજેતાઓ ઈનામો આપવામાં આવ્યા હતા. થોડા થોડા સમયનાં અંતરે લક્કી ડ્રોનાં વિજેતાઓને ઈનામો અપાયા હતા. મંચ સંચાલન કુસુમબેન મેપાણી અને દક્ષાબેન મૈશેરીએ પોતાની સુંદર શૈલીમાં કર્યો હતો. તેમજ દાતાઓનો પરિચય ભારતી લોડાયાઓ તેમજ નિર્ણાયકોનો પરિચય દક્ષા મૈશેરીએ આપ્યો હતો. ખાણી પીણીનાં સ્ટોલ્સની વ્યવસ્થા Neev Caterers દ્વારા કરવામાં આવી હતી. રાતનાં ૧૦ કલાકે પૂર્ણ થયેલા આ કાર્યક્રમનો લગભગ ૪૦૦ થી ૪૫૦ જેટલા જ્ઞાતિજનોએ ભરપૂર આનંદ માણ્યો હતો.




● ગાંધીધામના યુવા વેપારી અને ભારતીય જનતા પાર્ટીના યુવા પાંખના રાજ્યકક્ષાના સંયોજક અને અમદાવાદ ઝોનના પ્રભારીની જવાબદારી સંભાળતા ધવલભાઈ આચાર્યને ગુજરાત ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની કારોબારી સમિતિના કો ઓપ્ટ સભ્ય તરીકે નિમણુક કરી છે. ગાંધીધામ ખાતે સ્થિત એસ્ટેટ ડેવલોપમેન્ટથી માંડીને મીઠાં ઉદ્યોગ સુધીના વિવિધક્ષેત્રમાં તેઓ કાર્યરત છે.

● સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંદી ગૌશાળાનો અંજારમાં પ્રારંભ કરાયો છે. સચ્ચિદાનંદ મંદિર અંજાર ના મહંત ત્રિકમદાસજી મહારાજ, ગુજરાત રાજ્યના મંત્રી વાસણભાઈ આહીર, નગર પાલિકા પ્રમુખ રાજેશભાઈ પલણ, નગરપાલિકા શાસક પક્ષનેતા ડેનીશભાઈ શાહ દ્વારા નંદીની આરતી ઉતારી પૂજા કરવામાં આવી હતી.

● ભુજ લોહાણા મહિલા મંડળ તથા અખિલ ગુજરાત મહિલા સમિતિના સંયુક્ત ઉપક્રમે ભજન સંધ્યા યોજાઈ હતી. જેમાં કુલ ૩૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પૂજાબેન કશ્યપ તથા કમલાબેન વ્યાસ એ સેવા આપી હતી. ઈનામના દાતા ઉષાબેન એ. ઠક્કર અને લીલાવંતીબેન ઠક્કર રહ્યાં હતા.

● ભુજ રેલ મથકે એક કરોડના ખર્ચે સ્વયં સંચાલિત સીડી. એસ્કેલેટર તૈયાર થઈ તો ગઈ છે. પણ છ મહિના થયાં રેલવે તંત્રના અને કોન્ટ્રાક્ટરની આડોડાઈના કારણે ચાલું નથી થઈ. આમ પ્રવાસીઓની સુવિધા માટે ઉભી કરાયેલી આ સગવડથી પ્રવાસીઓ વંચિત રહી ગયા છે.

● મુંબઈના મુલુંડના પર્યુષણ પર્વે યોગી હિલ્સમાં રહેતા કચ્છી લોહાણા યુવક સંદિપ કતિરાએ પર્યુષણ પહેલા આઠ દિવસ ઉપવાસ માત્ર પાણી પર તે પણ સાંજ સુધીના શરૂ કરી ૧૭ દિવસે જૈન સંવત્સરી દિવસે મગના પાણી રઘુવંશી સમાજ અગ્રણી અરૂણભાઈ ભીંડે, સંધ્યાબેન ભીંડે અને લાલજી સર તથા માતાપિતા સરસ્વતીબેન-ચંદ્રકાંતભાઈ કતિરા, પત્ની જિજ્ઞાએ આપીને પારણાં કરાવ્યા હતા. જૈન ધર્મથી અભિભૂત યુવકે ગયા વર્ષે ૧૧ ઉપવાસ અને તે પહેલાંના બે વર્ષે અઠાઈ તપ કર્યા હતા.

● ભુજ તાલુકાના સુખપર સ્થિત હિતેશ્વર મહાદેવ મંદિરના સામે આવેલા સ્વામિનારાયણ ઉપવન ખાતે વિવિધ જાતિના ચારસો દેશી વૃક્ષારોપણ સ્વામિનારાયણના સંતો, સાંખ્યયોગીબહેન, ટ્રસ્ટીઓ તથા ગ્રામજનોએ કર્યું હતું.

● ગત લોકસભા ચૂંટણી વખતે જિલ્લાના મતદારોએ ભારે ઉત્સાહ સાથે કરેલા મતદાન પાછળ મતદાર જાગૃતિ અભિયાનની ભૂમિકામાં સરાહનીય કામગીરી કરવા બદલ કચ્છના કલેક્ટરએ કચ્છના જાણીતા યુવા ગાઈડ શંકરભાઈ છેડા અને દસ્તાવેજી ફિલ્મો સાથે સંકળાયેલા કચ્છી યુવાન વિનોદભાઈ ન જણે કચ્છની લોકસંસ્કૃતિ પૌરાણિક સ્થળો, વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ હસ્તકલા કામગીરી રજૂ કરતી ૩૫ જેટલી નાની દસ્તાવેજી ફિલ્મ બનાવી મતદારોમાં જાગૃતિ લાવવા ઝુંબેશ ચલાવી હતી. જિલ્લા કેલેક્ટર રેમ્યા મોહનની બદલીનો ઓર્ડર આવતા પોતાનો ચાર્જ છોડતાં પહેલા આ બંન્ને યુવાનોને પોતાની ચેમ્બરમાં બોલાવી સન્માન પત્ર સાથે સન્માનિત કર્યા. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એમ.બી.પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતા.

● માંડવી તાલુકાના ગઢશીશામાં બલરામ જયંતિની ઉજવણી કરાતા દેવપર ચાર રસ્તા પર બલરામ ચોકડી તરીકે ઓળખાતા ચાર રસ્તા પર ખેડૂતોના આરાધ્ય ભગવાન બલરામની પ્રતિમા આવેલી છે. ત્યાં ગઢશીશા શક્તિ કેન્દ્રના ઉપક્રમે ગામોનાં કિસાનો દ્વારા બલરામજીનું પૂજન, અર્ચન અને હારા રોપણ કરી બલરામ જયંતિ મનાવાઈ હતી. કિસાનો પોતાના વાડી વિસ્તારના બોર અને કૂવા રિચાર્જ કરવાની અપીલ સાથે વર્તમાન સમયમાં સાત્વિક ખેતી એટલે કે જૈવિક ખાતરથી ખેતી કરી જમીનનું રક્ષણ અને પોષણ કરવાનું સૂચન કરાયું હતું.

## જીવન ઘટમાળ

### ● આંતરજ્ઞાતિય સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૨૦૧૯ | ગ્રાન્ટ રોડ | કેવલ મનીષ પોપટલાલ નાગડા | ભોજાય | ૨૫ |
| | ડોંબિવલી | ભક્તિ હરીશ કેશવજી ઘરમશી | રંગપુર | ૨૫ |

### ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૨૦૧૯ | ડોંબિવલી | કેયુર દેવેન્દ્ર પાસુભાઈ લાપસિયા | દલતુંગી | ૨૫ |
| | ડોંબિવલી | પરિતા ઉત્તમ વીરજી ડાઘા | દલતુંગી | ૨૩ |
| ૩૦-૦૯-૨૦૧૯ | વાશી | યશ ઉત્તીન પદમશી લોડાયા | નલિયા | ૨૬ |
| | ઈન્દોર | ચાંદની ધનેશ મુલચંદ છેડા | સુજાપર | ૨૫ |

### ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૧૦-૨૦૧૯ | ભુજ | લક્ષ્મીબાઈ વાલજી ઘરમશી | જસાપુર | ૮૪ |
| ૦૨-૧૦-૨૦૧૯ | નાંયગાવ | ગોવિંદજી શામજી દંડ | લાલા | ૮૩ |
| ૦૫-૧૦-૨૦૧૯ | હૈદ્રાબાદ | શકુંતલા દિનેશ મૈશેરી | સીંધોડી મોટી | ૫૩ |
| ૦૪-૧૦-૨૦૧૯ | રાયપુર | હંસકુમાર વીરચંદ લોડાયા | વારાપધર | ૬૦ |


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339



Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# PARAB

SHAKTI SANJIVANI SOCIETY'S

# DIWALI GIFT BOXES

***Two Options To Choose From***



MASALA PECANS
PROTEIN MIX
DATE DELIGHT
ALMOND BISCOTTI
KESAR

**Home-made ▪ Quality Ingredients ▪ Great value for money**



DATE DELIGHT
PROTEIN MIX
FLAXSEEDS CRISPS

*For placing orders contact :*

BENAIFER VIKAMSEY
+91 93240 85892

VAISHALI SHAH
+91 99204 22250


Plan the present, secure the future.
Get a Family Insurance!
insurancekhoj.com™
the ultimate stop for insurance™
Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664
Karani
insurancekhoj@gmail.com • 9004999900
# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.
MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL
KDO
Gyatimaiya
Weekly E-magazine
KDO